## સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૪–૦૬–૨૦૨૨ ના પત્ર નં.સી.મી.સ./૯/૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૫૧) કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની હાલમાં ખાલી ૧ જગ્યા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારથી તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર ૫ જગ્યાઓ પૈકી અનુસુચિત જનજાતિ–૧, બિન અનામત–૨, બિન અનામત(મહિલા)–૧ અને આ.ન.વ.–૧ ની જગ્યાઓ મળી કુલ–૬ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી બનાવવાના હેતુસર જાહેરાત આપી નિયત શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૮૫ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી આ સમિતિના તા.૦૫–૦૭–૨૦૨૨ ના ઠરાવ નં.૮/૨૦૨૨ અનુસાર કુલ–૪૩ ઉમેદવારોને સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજ હાજર રહેવાનું જણાવતાં, આજરોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેલા કુલ–૪૧ ઉમેદવારોના સમિતિએ ઈન્ટરવ્યુ લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૫૧)કાર્યપાલક ઈજનેર(સીવીલ) ની હાલમાં ખાલી સા.શૈ.પ.વર્ગની ૧ જગ્યા માટે શ્રી રાજેશકુમાર ધનસુખલાલ ગાંજાવાલા સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને પગારધોરણ રૂા.૧૦૦૦૦–૧૫૨૦૦/–, પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/–, ગ્રેડ પે ૬૬૦૦/–, પે મેટ્રીકસ ૬૭૭૦૦–૨૦૮૭૦૦/– તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સહિત જરૂર જણાયે પે પ્રોટેકટ કરી તેમની હાલની જગ્યાનું લીયન ચાલુ રાખીને એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂંક આપવાનું અને શ્રી રાકેશભાઈ નગીનભાઈ મોદી ને બે વર્ષ માટે પ્રતિક્ષાયાદીમાં રાખવાનું તથા ભવિષ્યમાં ખાલી પડનાર અનુસુચિત જનજાતિની ૧ જગ્યા માટે (૧) શ્રી સતિષભાઈ છીતુભાઈ વસાવા અને (૨) શ્રી કમલેશભાઈ લક્ષ્મણભાઈ વસાવા સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને બે વર્ષ માટે પ્રતિક્ષાયાદીમાં રાખવાનું તેમજ બિન અનામતની ૨ જગ્યા અને બિન અનામત(મહિલા) ની ૧ જગ્યા માટે કોઈપણ ઉમેદવાર સમિતિને લાયક જણાયેલ ન હોવાથી તેઓની અરજી દફતરે કરવાનું તથા આ.ન.વ.ની ૧ જગ્યા માટે કોઈ ઉમેદવારની અરજી મળેલ ન હોય જે હકીકત જાણમાં લેવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૯/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

---

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૭–૨૦૨૨.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

INFORMATION PURPOSE ONLY